મોકસી પ્રા. શાળામાં શિક્ષિકાની ક્રૂરતા ધોરણ 5ના વિદ્યાર્થીને માર મારતા રોષ

(પ્રતિનિધિ) સાવલી, તા.16

સાવલી તાલુકાના મોકસી ગામની પ્રાથમિક શાળામાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને વાંચતા ન આવડતાં હોવાના કારણે શિક્ષિકાએ માર માર્યાનો ગંભીર આક્ષેપ સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર તાલુકામાં પડ્યા છે અને વાલીગણ તેમજ ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

મોકસી ગામની પ્રાથમિક શાળામાં પાંચમું ધોરણ ભણાવતી શિક્ષિકા મુગાષ્ટી પર પોતાના વર્ગના વિદ્યાર્થીને કડક સજા તરીકે ઢોર માર માર્યાનો આરોપ

વિદ્યાર્થીના વાલી દ્વારા કરવામાં આવ્યો છે. વાલીઓનો આક્ષેપ છે કે શિક્ષિકાની ક્રૂર વર્તનથી શાળા વિવાદમાં આવી ગઈ છે.

વિદ્યાર્થીના વાલી પ્રકાશભાઈ ઓડના જણાવ્યા મુજબ ગતરોજ શાળામાં શિક્ષણ કાર્ય દરમિયાન તેમનો પુત્ર યોગ્ય રીતે વાંચી ન શકતાં શિક્ષિકા ભારે ગુસ્સે થઈ ગયા હતા. તેમણે લાકડી અથવા ફૂટપટ્ટી વડે વિદ્યાર્થીના ખભા અને બરડા ના ભાગે બેફામ માર માર્યો હતો. મારના કારણે બાળક આજે શાળાએ પણ જઈ શક્યો નથી. વાલીએ દોષિત શિક્ષિકાની તાત્કાલિક બદલી કરવાની માંગ કરી છે.

બાળકની હાલત જોઈ માતા-પિતાએ શાળાનો સંપર્ક કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો અને અન્ય વાલીઓ શાળાએ એકત્રિત થયા હતા અને શિક્ષિકા સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી. ગ્રામજનોની ચર્ચા મુજબ આ શિક્ષિકાએ ભૂતકાળમાં પણ અન્ય બાળકોને માર માર્યાના બનાવો થયા હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

આ સમગ્ર મામલે વાલીગણ અને ગ્રામજનોએ શાળા આચાર્યને લેખિત રજૂઆત કરી દોષિત શિક્ષિકા સામે નિયમ મુજબ તેમજ દાખલા રૂપ કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં બાળકોને શારીરિક સજા ન આપવાની બાબતે વારંવાર માર્ગદર્શિકા (ગાઈડલાઈન) બહાર પાડવામાં આવી છે. તેમ છતાં આવી ઘટનાઓ શિક્ષણ જગતને કલંકિત કરી રહી છે અને સિસ્ટમની ગંભીર બેદરકારી દર્શાવે છે. બાળકોને પ્રેમ અને સમજણથી શિક્ષણ આપવાના બદલે આવી હિંસક ઘટનાઓ સમાજ માટે શરમજનક બની રહી છે.

હાલ આ મુદ્દો સમગ્ર તાલુકામાં ચર્ચાના ચગડોળે છે. હવે જોવાનું એ રહેશે કે સંબંધિત વિભાગ આ શિક્ષિકા સામે કેવી અને કેટલી કડક કાર્યવાહી કરે છે.

ડભોઈમાં કેનાલના સર્વિસ રોડ પર ભારદારી વાહનોના બેફામ ફેરા

કેનાલની સલામતી સામે ઊભા થયા ગંભીર પ્રશ્નો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.16

ડભોઇ પંથકમાંથી પસાર થતી નર્મદા નહેરની માઈનોર તથા સબ-માઈનોર કેનાલોના સર્વિસ રોડ આજકાલ જાણે હાઈવે બની ગયા હોય તે રીતે ભારદારી વાહનો દ્વારા ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. આ સર્વિસ રોડ પરથી ઓવરલોડ વાહનોની અવરજવર સતત વધી રહી છે, જેના કારણે કેનાલોની સલામતી સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. તેમ છતાં નર્મદા નિગમનો કેનાલ વિભાગ આંખ આડા કાન કરી તમાશો જોતો હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.

કેનાલોમાં ઝાડી-ઝાંખરા ઊગ્યા છે, તો બીજી તરફ ડભોઈથી કરનેટ તરફ જતા કેનાલના સર્વિસ રોડ પર મોટા ગાબડાઓ પણ પડી ગયા છે. ખાસ કરીને ચનવાડા થી કરનેટ તરફના માર્ગ પર ભારદારી વાહનોના કારણે રોડની હાલત દયનીય બની છે.

નર્મદા કેનાલોના સર્વિસ રોડ મૂળરૂપે ખેડૂતો, ગ્રામ્ય વિસ્તારના રહીશો તથા નિગમના અધિકારીઓ માટે બનાવવામાં આવ્યા હતા. પરંતુ હાલમાં આ માર્ગો પરથી ઓવરલોડ રેતી ભરેલી ટ્રકો અને અન્ય ભારદારી વાહનો માતેલા સાંઢની જેમ દોડી રહ્યા છે. ખાસ કરીને મિયાગામ-પોર શાખા કેનાલ, જે ડભોઇ તાલુકાની સૌથી મોટી કેનાલ છે, તેનો સૌથી વધુ દુરુપયોગ થઈ રહ્યો છે.

ડભોઇના કરનેટ, માંગરોળ, સીતપુર, ચનવાડા જેવા રેતી ખનન વિસ્તારોમાંથી પસાર થતી આ કેનાલના સર્વિસ રોડનો ઉપયોગ રેતી ભરેલી ટ્રકો દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ માર્ગ આગળ જઈને સીધો જ નેશનલ હાઈવે સાથે જોડાતા હોવાથી હાઈવે સુધીના રસ્તાઓ પર પણ ખાડા પડી ગયા છે.

નિયમ મુજબ કેનાલના સર્વિસ રોડ પર ભારદારી વાહનોની અવરજવર પર સખત પ્રતિબંધ છે. તેમ છતાં નિયમોની ઐસીતૈસી કરી વાહનો પસાર થતાં રહે છે. આવી સ્થિતિમાં જો કેનાલને નુકસાન થાય કે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તંત્ર માત્ર દોડાદોડ અને દેખાવ પૂરતું જાગતું થશે એવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

અગાઉ નર્મદા નિગમ દ્વારા ભારદારી વાહનો રોકવા માટે સર્વિસ રોડ પર આડબંધ મૂકવામાં આવ્યા હતા. પરંતુ ન જાણે કોની મહેરબાનીથી કે કોની દાદાગીરીથી આ આડબંધ દૂર કરી દેવામાં આવ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે આ મામલે નર્મદા નિગમ દ્વારા આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

ખેડૂતો અને ગ્રામજનોની નિગમ સામે માંગ

જો વહેલી તકે કેનાલના સર્વિસ રોડ પરથી ભારદારી વાહનોની અવરજવર રોકવામાં નહીં આવે તો સર્વિસ રોડની આયુષ્ય પર પ્રશ્નો ઊભા થશે અને ગંભીર દુર્ઘટનાનું જોખમ પણ વધી જશે. તેથી કેનાલના કમાન્ડ એરિયામાં આવતા ખેડૂતો અને આસપાસના ગામોના રહીશો દ્વારા નર્મદા નિગમ સામે તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માંગ ઉઠવા પામી છે.

ડભોઈ મોતીબાગ પાણી ટાંકીનું ઉદ્ઘાટન અને પ્રથમ ગ્રાસે મક્ષિકા!

ઉદઘાટનના દિવસે જ નગરજનો પાણી વિના રહ્યા, 'મોટર બળી'નું બહાનું સામે આવ્યું

(પ્રતિનિધિ) ડભોઇ, તા.16

ડભોઈ નગરના કેટલાક વિસ્તારોમાં લાંબા સમયથી પાણીની ભારે તકલીફ હતી. આ સમસ્યાના નિરાકરણ માટે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા દ્વારા નવીન પાણીની ટાંકી તથા સંપ માટે માતબર ગ્રાન્ટ લાવી ટૂંકા ગાળામાં કામ પૂર્ણ કરાવવામાં આવ્યું હતું. નગરજનોને પાણીની સમસ્યા ન રહે તે હેતુથી તૈયાર કરાયેલી મોતીબાગ પાણી ટાંકીનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું,

પરંતુ ઉદ્ઘાટનના પહેલા જ દિવસે "પ્રથમ ગ્રાસે મક્ષિકા" જેવો ઘાટ સર્જાયો હતો.

ઉદઘાટન પ્રસંગે નગરજનોને પાણી મળવાનું હતું, પરંતુ માત્ર વિધિ પૂરતી ઉદ્ઘાટન કરી દેવામાં આવ્યું. નગરજનો પાણી માટે રાહ જોઈ રહ્યા હતા ત્યારે પાણી પુરવઠા વિભાગ તરફથી "મોટર બળી ગઈ છે" એવો જવાબ આપવામાં આવ્યો. પરિણામે નગરજનોને પાણી વિના જ ઉદ્ઘાટન જોવાનો વારો આવ્યો.

નગરપાલિકાના સૂત્રો મુજબ ઉદ્ઘાટનના એક દિવસ પૂર્વે નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર સહિત અનેક મહાનુભાવો ટાંકી સ્થળે હાજર હતા. ત્યારે ટાંકી ભરવાની કે મોટરની કામગીરી તપાસવાની તસ્દી કેમ ન લેવાઈ? એવો સવાલ નગરજનોમાં ઉઠી રહ્યો છે.

ડભોઈના મોતીબાગ પાણી પુરવઠા વિભાગમાંથી મળતી માહિતી મુજબ નગરપાલિકાના પાણી પુરવઠા વિભાગમાં મોટરો બળવાની અને વારંવાર રીપેરિંગના નામે થતા ખર્ચની ઊંડાણપૂર્વક તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટના દિવસભર ટોક ઓફ ધી ટાઉન બની હતી.

જવાબદારો સામે તપાસની માંગ

નગરજનોમાં ઉદ્ભવેલા રોષને પગલે પાણી પુરવઠા વિભાગની કામગીરી, મોટર બળી જવાના કારણો અને રીપેરિંગ ખર્ચ અંગે નિષ્પક્ષ તપાસ કરવાની માંગ તેજ બની છે. જો સમયસર કાર્યવાહી નહીં થાય તો નગરજનો દ્વારા આંદોલનનો માર્ગ અપનાવવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુખસરમાં બાઈક સ્લીપ થતાં ચાલકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

સુખસર તાલુકાના નલિનભાઈ કટારા પલ્સર મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી હતી. પરંતુ વધુ પડતી ઝડપ અને ચાલક નલિનભાઈ કટારાની ગફલતને કારણે બાઈક સુખસર ગામે ઝાલોદ-સંતરામપુર હાઈવે પર આવેલ રહીમભાઈની ગેરેજની બાજુમાં મોટરસાયકલ પરનો કાબુ ગુમાવી બેસતા મોટરસાયકલ સ્લીપ ખાઈ જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટર સાયકલ ચાલક નલીનભાઈ મગનભાઈ કટારા ને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળ પર જ મોત નીપજયું હતું. આ અંગે મૃતક નલીનભાઈના નાના ભાઈ સતિષભાઈ મગનભાઈ કટારાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સુખસર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બોડેલી તાલુકાના જબુગામ ખાતે સ્પેશિયલ ખેલ મહાકુંભ યોજાયો



છોટાઉદેપુર જિલ્લામાં હાલ ખેલ મહાકુંભ ચાલી રહ્યું છે જેમાં આજરોજ બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલ શ્રી સી એન બક્ષી સાર્વજનિક વિદ્યાલય ના તાત્યા ટોપે મેદાન પર જિલ્લા કક્ષાના દિવ્યાંગ ખેલાડીઓનું ખેલ મહાકુંભ 2025 Oh યોજાયું હતું જેમાં છોટાઉદેપુર જિલ્લાના દિવ્યાંગ ઓર્થોપેડિક ખેલાડીઓ એ ભાગ લીધો હતો અને ખૂબ જ સુંદર પ્રદર્શન કર્યું હતું જેમાં 280 જેટલા ખેલાડી ઓ ભાગ લીધો હતો સમગ્ર ખેલાડીઓ છોટાઉદેપુર જિલ્લાના અલગ અલગ ગામમાંથી આવ્યા હતા અને ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો અને ખૂબ સારું પ્રદર્શન પણ કર્યું હતું સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા રમત ગમતના અધિકારી શ્રી તથા છોટાઉદેપુર જિલ્લાના અન્ય અધિકારીઓ અને શ્રી સી એન બક્ષી સાર્વજનિક વિદ્યાલયના શિક્ષકો અને ટ્રસ્ટી મંડળ હાજર રહ્યા હતા અને રમતનો આનંદ લીધો હતો.

બોડેલી પીકઅપ સ્ટેન્ડ તરફ 60 વર્ષ જૂના દબાણો પર બુલડોઝર

વારંવારની નોટિસ બાદ પણ દબાણ ન હટતાં નગરપાલિકાનું કડક એક્શન, નગરમાં ફફડાટ

(પ્રતિનિધિ) બોડેલી, તા.16

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરમાં સવારથી જ ભારે અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. બોડેલી પીકઅપ સ્ટેન્ડ તરફ સરકારી જમીન પર વર્ષોથી થયેલા અંદાજે 60 વર્ષ જૂના દબાણો સામે નગરપાલિકાએ બુલડોઝર ફેરવી કડક કાર્યવાહી હાથ ધરી હતી.

છોટાઉદેપુરના આર્થિક રાજધાની તરીકે ઓળખ મેળવ્યા બાદ બોડેલીને નગરપાલિકાનો દરજ્જો મળ્યો છે. બાદ સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા માટે નગરપાલિકા દ્વારા શહેરની 17 જેટલી જગ્યાએ નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણકારોએ સ્વયં દબાણ દૂર ન કરતાં નગરપાલિકાએ કાર્યવાહીનો માર્ગ અપનાવ્યો હતો. આ દબાણ હટાવ કામગીરી દરમિયાન નગરપાલિકા ચીફ ઓફિસર, એસ.પી. સહિત 3 પી.આઈ., 4 પી.એસ.આઈ. અને 76 પોલીસ કર્મીઓનો મોટો કાફલો હાજર રહ્યો હતો. સમગ્ર વિસ્તારમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી JCB મશીનની મદદથી દબાણો દૂર કરવામાં આવ્યા.

બોડેલી નગરપાલિકામાં સરકારી જગ્યા પર થયેલા દબાણો દૂર કરવા માટે જાગૃત નાગરિક દ્વારા સ્વાગત કાર્યક્રમમાં લેખિત રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે નગરપાલિકાએ દબાણકારોને સાત દિવસમાં સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવાની નોટિસ આપી હતી. મંગળવારના રોજ સવારથી જ JCB દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી શરૂ થતાં દુકાનદારો અને અધિકારીઓ વચ્ચે રકઝકના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. તેમ છતાં નગરપાલિકાએ કોઈ ઢીલ ન આપતા કાર્યવાહી ચાલુ રાખી હતી. નગરપાલિકા દ્વારા 60 વર્ષ જૂના દબાણો સામે લેવાયેલ આ કડક પગલાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યા છે. કેટલાક નાગરિકોએ કાર્યવાહીનું સ્વાગત કર્યું છે.

સાવલી ખાતે 60મુ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

(પ્રતિનિધિ) સાવલી, તા.16

સાવલી કે જે કેમ્પસ ખાતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા કે જે આઈ ટી ના સંયુક્ત ઉપક્રમે 60 મુ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન તાલુકામાં સૌપ્રથમવાર યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં બાળ વૈજ્ઞાનિકો ઉમટી પડ્યા હતા.

સાવલી કે જે કેમ્પસ ખાતે યોજાયેલ 60 માં વિજ્ઞાન મેળા નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હાલમાં મનુષ્ય જીવનને અસર કરતા મુખ્યત્વે વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ ના મુખ્ય વિષય પર આધારિત આ વિજ્ઞાન મેળો યોજાયો હતો જેમાં સાવલી તાલુકો અને શહેર તેમજ જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ મળી કુલ 120 જેટલી શાળા ઓ એ ભાગ લીધો હતો.

વરણામા પાસે ટ્રકનો ગમખ્વાર અકસ્માત, કેબિનનું કચ્ચરઘાણ

વરણામા ગામ નજીક એક ટ્રક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વરણામા ગામ નજીક નેશનલ હાઈવે પર એક ટ્રક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રકના આગળના કેબિનનું સંપૂર્ણ કચ્ચરઘાણ વળી ગયું હતું. આ અકસ્માતમાં ટ્રક ચાલક કેબિનમાં ફસાઈ જતા તાત્કાલિક જીઆઈડીસી ફાયર સ્ટેશનના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ

ચાલકને રેસ્ક્યુ કરી બહાર કાઢ્યો હતો. અકસ્માતમાં મહંમદ શેખ નામના ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ તેની તબિયત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ મહારાષ્ટ્રથી અમદાવાદ ફેવિકોલ ભરેલા બેરલ લઈને જઈ રહેલી આ ટ્રક વરણામા ગામ પાસે પહોંચતા અચાનક અકસ્માતનો ભોગ બની હતી. અથડામણને કારણે બેરલમાં ભરેલું ફેવિકોલ રોડ સાઈડ પર આવેલી વરસાદી કાસમાં વહેતી થઈ ગયું હતું, જેના કારણે રોડ પર લિસ્સી પરિસ્થિતિ સર્જાઈ હતી. આ અકસ્માતમાં નુકસાન થયું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ બનાવની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને ટ્રાફિક નિયંત્રણ સાથે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સાવલી તાલુકાના મોક્સી ગામમાં અનિયમિત એસટી બસથી વિદ્યાર્થીઓએ ચક્કાજામ કર્યો

વડોદરા, આણંદ, નડિયાદ જતાં વિદ્યાર્થીઓને પડતી હાલાકી

(પ્રતિનિધિ) સાવલી, તા.16

સાવલી તાલુકાના મોક્સી ગામે પંથકના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભેગા થઈને અનિયમિત એસ.ટી. બસોથી કંટાળીને રસ્તા ચક્કાજામ કરી દેતા એસ.ટી વિભાગના અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. સાવલી તાલુકાના ભાદરવા પંથકના મોક્સી રણજીત નગર નટવરનગર ભાદરવા પોઇચારા જેવા ગામોના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ

અર્થે વડોદરા આણંદ નડિયાદ વિદ્યાનગર જેવા શહેરો માં અભ્યાસ અર્થે અવર જવર કરે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી એસ ટી બસો અનિયમિત અને મીની બસો આ રૂટ પર ફાળવવાના આવે છે તેના પગલે વિદ્યાર્થી વર્ગમાં ભારે નારાજગી અને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો તેના પગલે વાઘોડિયા ડેપો અને આણંદ ડેપો માં રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ એસ ટી વિભાગ દ્વારા સરકારી જવાબ આપીને ખો આપવામાં આવતી હતી અને કોઈ નિરાકરણ કરવામાં આવતું નહતું તેના પગલે બાળકોનું શિક્ષણ અને સમય અને નાણાં નો વેડફાટ થતો હતો અને તેઓની રજૂઆતને અધિકારીઓએ કાને ધરી ન હતી. જેના પગલે મંગળવારે વિદ્યાર્થી ઓ દ્વારા રસ્તો રોકીને ચક્કાજામ કરીને બસો રોકી હતી જેના પગલે વાહનો ની લાંબી કતારો લાગી હતી અને ભારે ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા અને સમગ્ર સમસ્યા ધારાસભ્યને અવગત કરાવ્યા હતા અને ભાદરવા થી મોક્સી માર્ગ પર વાહનો રોકી નારેબાજી કરી હતી અને તેઓને માંગણી અને સમસ્યાનો નિકાલ ન આવતા બસ રોકો કાર્યક્રમ કર્યો હતો. વિદ્યાર્થીઓ વતી રજૂઆત કરનાર મોક્સીના યુવા અગ્રણી હરદીપસિંહ મહીડાએ ધારાસભ્ય કેતન ઈનામદારને ટેલીફોનિક સંપર્ક કરીને સમગ્ર હકીકતથી વાકેફ કર્યા હતા અને ધારાસભ્યએ વિદ્યાર્થીઓની રજૂઆતને ગંભીરતાથી લઈને એસ ટી વિભાગ ની સંપર્ક કરીને વિદ્યાર્થી વિદ્યાર્થીઓની માંગણી ને ધ્યાને લઈને તાત્કાલિક ૫૬ સીટ ની વૈકલ્પિક બસ ની વ્યવસ્થા કરી હતી અને સમસ્યા અંગે કરી રજૂઆત ને ધ્યાને લઈને વિદ્યાર્થીઓની રજૂઆત વ્યાજબી માની ને 24 કલાકમાં નિકાલ કરવા ની ખાતરી આપતા માની ગયા હતા અને ટ્રાફિક પૂર્વતત થયો હતો.